## મે. એડિશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.

**સમરી સ્યુટ નં.–૩૬/૨૦૨૬.**

**<u>આંક–૧ લગત હુકમ</u> :–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત જોવામાં આવે તો, તેઓ બેન્ક ઓફ બરોડાના નામે બેન્કીંગને લગતુ કાર્ય કરે છે. વાદી નેશનલાઈઝ બેન્ક હોઈ, પ્રતિવાદીઓને ખેતીના તથા અન્ય હેતુ માટે ટર્મ/કેશ ક્રેડિટ લોન/ધિરાણ માટે રૂ.૨,૮૦,૩૦૦/–ની લીમીટ વાળી લોન આપેલ, જે પૈકી રૂ.૩,૬૮,૨૭૯.૦૭/– રકમ ૭ % વ્યાજ સાથે પ્રતિવાદીઓ પાસેથી વસૂલ મેળવવા તથા પ્રતિવાદીઓ જો તેમ કરવામાં કસૂર કરે તો, બાકી રકમ વ્યાજ સાથે પ્રતિવાદીઓની જાત તથા દરેક પ્રકારની મિલ્કતમાંથી સદર રકમ વસૂલ મેળવવા હુકમનામું મેળવવા તેમજ સદર દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તેઓ(વાદી)એ વિનંતી કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવાના હુકમ માટે હુકમ–૩૭, નિયમ–૨ મુજબનું સમન્સ આંક–૦૫ થી બજવણી માટે ઈશ્યુ કરતાં તેમાં બેલીફનો શેરો વંચાણે લેતાં પ્રતિવાદીને તથા પ્રતિવાદીના ભાઈને ધારાસર બજવણી થયેલ. બજેલ રીપોર્ટ ઘ્યાને લેતાં પ્રતિવાદીને સમન્સની યોગ્ય રીતે બજવણી થવા છતાં, તેઓ દાવાના કામે હાજર થયેલ નહીં. પ્રતિવાદી સદરહું ચુકાદા માટેના કારણની અને માંગેલી રકમ અંગે આવા સમન્સ બજ્યાની તારીખથી ૧૦(દસ) દિવસની અંદર કોઈપણ સમયે, સોગંદનામાથી કે, નિયત સમયમર્યાદામાં હાજર થયેલ નથી કે, બચાવ કરવાની પરવાનગી માટે પ્રતિવાદીઓએ અરજી કરેલ નથી. જેથી સિવિલ પ્રોસીજર કોડના હુકમ(ઓર્ડર)–૩૭, રૂલ–૨(૩)ના પ્રબંધો લક્ષમાં લેતા, તેમાં વાદીની માંગણી પ્રમાણેની આવી રકમનું હુકમનામુ મેળવવા અધિકૃત થશે; જે સમન્સમાં ઉલ્લેખિત રકમથી વધુ ન હોય તેવી રકમ અને તેવી રકમ ઉપર

નિર્દિષ્ટ દરથી થતા વ્યાજ અને અવાર–નવાર હાઈકોર્ટ નક્કી કરે, તે ખર્ચની રકમ સહિતનું હુકમનામું મેળવવા અધિકૃત થશે વિ. તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે અને વાદી તરફે આંક–૦૬ તે મુજબ જજમેન્ટ જાહેર કરવા સોગંદનામાથી જાહેર કરેલ છે. સબબ ઉપરોક્ત તમામ રેકર્ડ તથા ઉપરોક્ત સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૨(૩) ના પ્રબંધો ધ્યાને લેતા, વાદી તે મુજબ હુકમનામુ મેળવવા હક્કદાર બને છે.

> The object underlying the summary procedure is to prevent unreasonable obstruction by the defendant who has no defence and to assist expeditious disposal of cases. The Order XXXVII provides for procedure in suits based on negotiable instruments or where the plaintiff seeks to recover debt or liquidated amount. The essence of summary suit is that the defendant is not, as in ordinary suit, entitled as of right to defend the suit. He must apply for leave to defend within the prescribed period (stipulated) of ten days. Such leave will be granted only if the affidavit filed by the defendant discloses such facts as will make it incumbent upon the plaintiff to prove consideration or such other facts as the court may deem fit. Rules 2 and 3 of Order XXXVII provides the procedure for summary suits. Rule 2 provides that after the summons of the suit having been issued to the defendant, the defendant must appear and the plaintiff will serve a summons for judgment on the defendant. The defendant has no right to defend the suit unless he enters an appearance and gets leave from the court to defend the suit.

**In default of this, the plaintiff will be entitled to a decree, as prayed for, which will be executed forthwith.**

(૩) વાદી બેન્કે પ્રતિવાદીને રૂ.૨,૮૦,૩૦૦/–ની લીમીટ વાળી લોન આપેલ હોવા અંગે વાદી બેન્કના અધિકૃત અધિકારી/મેનેજરે આંક–૪ ના ડી.ઈ.લિસ્ટથી આંક–૯ થી પ્રતિવાદીના ૭/૧૨ અને ૮–અ ની નકલો આંક–૧૦ થી પ્રતિવાદીએ લોન ધિરાણ મેળવવા કરેલ અરજી, આંક–૧૧ થી પ્રતિવાદીના રેશનકાર્ડ, આંક–૧૨ થી ડી.પી. નોટ, આંક–૧૩ થી લેટર ઓફ કન્ટીન્યુટી, આંક–૧૪ થી એકનોલેજમેન્ટ લેટર, આંક–૧૫ થી એકનોલેજમેન્ટ લેટર, આંક–૧૬ થી ડીમાંડ નોટીસ, આંક–૧૭ થી એકનોલેજમેન્ટ, આંક–૧૮ થી સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ, આંક–૧૯ થી મેનેજરનું ઓળખપત્ર તથા આંક–૨૦ થી કલોજર રીપોર્ટ રજુ કરેલ છે. આમ, વાદી બેન્ક દ્વારા રજુ થયેલ ઉપરોક્ત તમામ દસ્તાવેજો પરથી **તા.૧૧/૦૩/૨૦૨૬** સુધીમાં કુલ રૂ.૨,૨૫,૭૬૪.૪૩/– વ્યાજ સાથે પ્રતિવાદી પાસેથી લેણા હોવાનું સાબિત થાય છે. વધુમાં, તેઓએ લોન લેતી વખતે જરૂરી દસ્તાવેજો જેમકે કરાર, એકરારનામુ, કબુલાતનામુ, તારણ વિ. ડોક્યુમેન્ટ્સ સ્વ–હસ્તાક્ષરમાં સહી/અંગુઠો કરી આપેલ છે. પ્રતિવાદીએ લોન લીધા બાદ, નિયત સમયમર્યાદામાં હપ્તા ભરેલ ન હોઈ, વાદી બેન્ક દ્વારા તેઓને વકીલ મારફત નોટીસ મોકલવા છતાં, પ્રતિવાદી દ્વારા નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આ સંજોગોમાં, પ્રતિવાદીએ લોન–કરાર મુજબની વ્યાજસહિતની રકમ વસુલ આપેલ ન હોઈ, વાદી બેન્કે હાલનો દાવો કર્યો છે. વધુમાં, વાદી બેન્ક દ્વારા દાવામાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર વ્યાજની માંગણી કરેલ છે, પરંતુ વાદી તરફે બન્ને પક્ષકારો વચ્ચે કોઇ વ્યાજ બાબતે કરાર યાને એગ્રીમેન્ટ થયેલ હોય તે મુજબનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ ન હોય, ત્યારે સી.પી.સી.ની કલમ–૩૪ પ્રમાણે વાદી પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર માત્ર ૪ % લેખે વ્યાજ મેળવવા હકકદાર બને છે, તેથી વધુ નહીં. આમ, તે મુજબ પ્રતિવાદી વાદી બેન્કને

લેણીરકમની ચુકવણી કરે તો, તે ન્યાયોચિત રહેશે તેવુ મારૂ માનવુ છે જેથી, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:(હુકમ):–**

વાદીનો દાવો આથી, **અંશત: મંજુર** કરવામાં આવે છે.

પ્રતિવાદીએ લોન–ધિરાણના બાકી લેણા પેટે વાદીને રૂ. ૨,૨૫,૭૬૪.૪૩/–(અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર સાતસો ચોસઠ પુરા અને તેતાળીશ)વસુલ થતા સુધી ૪% ના દરે વ્યાજસહિત ચૂકવી આપવા.

જો પ્રતિવાદી વાદી બેન્કની લેણી રકમ વસૂલ આપવામાં કસૂર કરે તો, પ્રતિવાદીની જાત તથા તમામ મિલકતથી સદરહું લેણી રકમ વસૂલ મેળવવા વાદી બેન્ક હક્કદાર રહેશે તેવુ આથી, ઠરાવવામાં આવે છે.

પ્રતિવાદીએ આ દાવાનો ખર્ચ વાદી બેન્કને ચૂકવી આપવો.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ–૦૯, માહે–જુલાઈ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ:પાલિતાણા.

**(અભિષેક.વી.વર્મા)**
એડિશ્નલ સિવિલ જજ–પાલિતાણા.
(કોડ નં.–જી.જે.૦૧૬૯૩).

કે.એ. ખાણધર(પી.એ.)